ગુરુવાર, 11 ડિસેમ્બર, 2025 માગશર વદ સાતમ

દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

# દૈનિક પલ્સ

@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

✸ મલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✸ ૧૧/૩ ૩જો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✸ દૈનિક સોશિયલ આવૃત્તિ ✸

## વડોદરા: સબસિડીના ગેસ સિલિન્ડરનું સરેઆમ કાળું બજાર, દુર્ઘટનાના જોખમ વચ્ચે તંત્રની 'પાકીટ ગરમ' નીતિ?

વડોદરા શહેરમાં કાફે, રેસ્ટોરન્ટ અને લારી-ગલ્લાઓની સંખ્યામાં વધારો થયો છે, પરંતુ તેમની પર વપરાતા ઇંધણની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ હવે ગંભીર જોખમ બનીને સામે આવી છે. શહેરના અનેક વિસ્તારોમાં વ્યાવસાયિક એકમો દ્વારા જાહેરમાં ઘરેલુ ગેસ સિલિન્ડર (સબસિડીવાળા)નો બેફામ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ સીધો સંકેત આપે છે કે ગેસ એજન્સીઓ દ્વારા ઘરેલુ ગેસના બોટલોનું કાળું બજાર થઈ રહ્યું છે. સામાન્ય રીતે, વ્યાવસાયિક ઉપયોગ માટે લાલ રંગના બિન-સબસિડીવાળા સિલિન્ડર લેવા ફરજિયાત હોય છે, પરંતુ સબસિડીનો લાભ લેવા અને નાણાં બચાવવા માટે વ્હાઇટ કોલર બિઝનેસમેન પણ ઘરેલુ સિલિન્ડરનો ઉપયોગ કરી રહ્યા છે. આ ગેરકાયદે ઉપયોગને કારણે સુરક્ષા માપદંડોનું ઉલ્લંઘન થાય છે અને મોટી દુર્ઘટનાનું જોખમ વધે છે.

વડોદરામાં એક તરફ ગૃહિણીઓ અને સામાન્ય પ્રજાને ગેસ સિલિન્ડર મેળવવા માટે લાંબી લાઈનોમાં ઊભા રહેવું પડે છે, ત્યારે બીજી તરફ હોટેલ અને કાફે પર ગેસ ડિલિવરીકર્તાઓ દ્વારા તાત્કાલિક સુપરફાસ્ટ ડિલિવરી પૂરી પાડવામાં આવી રહી છે. સબસિડીના આવા સરેઆમ દુરુપયોગ અને જાહેરમાં વપરાશ છતાં તંત્ર કે પુરવઠા વિભાગને આ ગેરકાયદેસર પ્રવૃત્તિ નજર નથી આવી રહી, જે શંકા પ્રેરે છે. શું સરકારી વિભાગો આ ગેરરીતિને નજરઅંદાજ કરીને 'પાકીટ ગરમ' કરી રહ્યા છે? જો આવા ઘરેલુ બોટલના વિસ્ફોટથી કોઈ જાનહાનિ થાય તો તેનો જવાબદાર કોણ ગણાશે, તે સવાલ પ્રજામાં ચર્ચાનો વિષય બન્યો છે.



## કપુરાઈ વિસ્તારમાં વેન્યુ કારમાંથી બીયર જપ્ત

વડોદરા શહેરના કપુરાઈ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન મળેલી ગુપ્ત માહિતીના આધારે પોલીસે અજવા–નિમેટા રોડ પર સફેદ હ્યુન્ડાઈ વેન્યુ કારમાંથી મોટી માત્રામાં બીયર જપ્ત કરી હતી. કારનો ચાલક પોલીસને જોતા યુ-ટર્ન લઈ ભાગી ગયો હતો, પરંતુ ત્યારબાદ કાર સયાજીપુરા નજીક ફ્રુટ માર્કેટ વિસ્તારમાં છોડેલી હાલતમાં મળી આવી. પંચોની હાજરીમાં કારની તપાસ કરતાં પાછળના ભાગમાંથી ભારતીય બનાવટની બીયરના ટીન મળી આવ્યા, જેની કિંમત 4,500 રૂપિયા ગણાઈ છે. કાર સહિત કુલ 5,04,500 રૂપિયાનો મુદ્દામાલ કબ્જે થયો છે. કપુરાઈ પોલીસે કેસની તપાસ શરૂ કરી ફરાર ચાલકની શોધખોળ હાથ ધરી છે.

## વડોદરામાં નશીલા પદાર્થોના જથ્થા સાથે ત્રણ ઝડપાયા

વડોદરામાં નશીલા પદાર્થોના ગેરવેચાણ સામે શરૂ થયેલી વિશેષ કાર્યવાહી હેઠળ પોલીસે અટલાદરા, જેપી રોડ અને જવાહરનગર વિસ્તારોમાં રેડ કરી ત્રણ કેરીયરને કુલ 16 હજાર રૂપિયાના ગાંજા સાથે ઝડપી પાડ્યા છે. શહેરમાં એમડી, ગાંજો, ચરસ અને અન્ય નશીલા પદાર્થોની વધતી હેરાફેરીને ધ્યાનમાં રાખીને આ અભિયાન તેજ કરવામાં આવ્યું હતું. અટલાદરામાં ખીસકોલી સર્કલ પાસે વૈભવરાજ જાદવ 5 હજારના ગાંજા સાથે ઝડપાયો. જેપી રોડ વિસ્તારમાં એફઝલ ઈમ્તીયાઝ બેમનને ગાંજો અને એક્ટિવા મળી રૂ. 20 હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો. ત્રીજા બનાવમાં વિજય નાગજી વાઘેલા રૂ. 6 હજારના ગાંજા સાથે ઝડપાયો હતો. કુલ મુદ્દામાલ કિંમત અંદાજે 31 હજાર રૂપિયા જણાવાઈ છે.

## ISRL રાઉન્ડ 2માં ગુજરાત ટ્રેલબ્લેઝર્સનો વિજય


ISRL સીઝન 2ના રાઉન્ડ 2ની શરૂઆત હૈદરાબાદના ગચીબોલી સ્ટેડિયમ ખાતે મેગાસ્ટાર સલમાન ખાનની હાજરીમાં થઈ. કાર્યક્રમને તેલંગાણા CM રેવંત રેડ્ડીએ લીલી ઝંડી આપી. આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં વડોદરાની ગુજરાત ટ્રેલબ્લેઝર્સ ટીમે રાઉન્ડ 2માં વિજય હાંસલ કર્યો, જેમાં 450cc અને 250cc ઇન્ટરનેશનલ ક્લાસમાં ફ્રાન્સના એન્થોની બોર્ડન અને કેલ્વિન ફોનવિલે ટોપ રેન્ક મેળવ્યો. મિક્સ કેટેગરીમાં ઇન્ડોનેશિયાના નાકામી મકારિમે જીત મેળવી.

સ્ટેડિયમમાં 18,000થી વધુ દર્શકોની હાજરી રહી, જેને કારણે રેસિંગનું રોમાંચ અનેકગણું વધ્યું. મુખ્યમંત્રીએ રાજ્યને આંતરરાષ્ટ્રીય ખેલકૂદ કેન્દ્ર બનાવવા સરકારની દૃઢતા વ્યક્ત કરી. સલમાન ખાને ભારતીય યુવાનોને મોટરસ્પોર્ટ્સમાં વૈશ્વિક તક મળે તે માટે ISRLની ભૂમિકા સરાહનીય ગણાવી. ISRLના ડિરેક્ટર વીર પટેલે જણાવ્યું કે ભારત ઝડપથી મોટરસ્પોર્ટ્સ ઇકોસિસ્ટમનું કેન્દ્ર બની રહ્યું છે અને યુવા પ્રતિભા માટે વિશાળ તક ઊભી કરી રહ્યું



**ISRL સીઝન 2ના હૈદરાબાદ રાઉન્ડમાં ગુજરાત ટ્રેલબ્લેઝર્સ વિજેતા. સલમાન ખાનની હાજરીમાં શરૂ થયેલા ઈવેન્ટે યુવાનોમાં ઉત્સાહ જગાવ્યો.**

## નર્સિંગ વિદ્યાર્થિનીના આપઘાતથી કડોદરામાં ચકચાર



સુરત નજીક કડોદરાના શ્રી સ્વામિનારાયણ વિશ્વ વિદ્યાપીઠના હોસ્ટેલમાં નર્સિંગની વિદ્યાર્થીની જીગીશા ગાયકવાડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરતાં ચકચાર મચ્યો. વાંસદા મૂળની અને બીજા વર્ષમાં અભ્યાસ કરતી જીગીશાને 108 ટીમે મૃત જાહેર કરી. પ્રિન્સિપાલે જણાવ્યું કે જીગીશા શાંત સ્વભાવની હતી અને કોઈ સુસાઇડ નોટ મળી નથી. પરિવારજનોએ મૃતદેહને યથાવત રાખવાની માંગ કરી. ઘટના બાદ ડિપ્રેશનની શક્યતા ધ્યાનમાં લઈ તપાસ શરૂ થઈ છે

## લોકસભામાં શાહ-રાહુલ વચ્ચે તીખી નોકઝોક: વિપક્ષનો બહિષ્કાર



લોકસભામાં ચૂંટણી સુધારા (SIR) પરના ભાષણ દરમિયાન ગૃહમંત્રી અમિત શાહ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધી વચ્ચે તીખી નોકઝોક થઈ. શાહે રાહુલની ત્રણ પ્રેસ કોન્ફરન્સનો જવાબ આપવાની વાત કરતાં રાહુલે ઊભા થઈને 'વોટ ચોરી'ના મુદ્દે ડિબેટની ચેલેન્જ આપી.રાહુલે શાહના રિસ્પોન્સને 'ગભરાયેલો' ગણાવ્યો, જ્યારે શાહે કહ્યું કે તેઓ ઉશ્કેરણી પર નહીં આવે. આ બોલાચાલીના અંતે કોંગ્રેસના નેતૃત્વમાં વિપક્ષે સદનમાંથી બહિષ્કાર કરી દીધો.

## ફિલ્મ ડાયલોગથી બલોચ સમાજમાં રોષ

હિન્દી ફિલ્મ 'ધુરંધર'માં સંજય દત્ત બોલેલા એક ડાયલોગને કારણે જૂનાગઢ બલોચ મકરાણી સમાજમાં ઉગ્ર રોષ ફેલાયો છે. સમાજ પ્રમુખ એજાજ મકરાણીએ અભિનેતા, ડિરેક્ટર અને ડાયલોગ રાઇટર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી માટે અરજી કરી છે. “મગરમચ્છ પર ભરોસો ચાલે, બલોચ પર નહીં” જેવા સંવાદથી સમાજની લાગણી દુભાઈ હોવાનું કહેવાયું છે. સમાજનો આક્ષેપ છે કે ચોક્કસ જ્ઞાતિને ટાર્ગેટ કરી અપમાનજનક રજૂઆત કરવામાં આવી છે. આગેવાનોએ 10 દિવસમાં કાર્યવાહી ન થાય તો ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવાની ચેતવણી આપી છે. તેઓનું માનવું છે કે આવી રજૂઆતો રોકવામાં ન આવે તો ભવિષ્યમાં સામાજિક તંગદિલી વધી શકે છે.

## મહેસાણામાં ગંભીર ચિંતા: ૩૪૧ સગીરાઓ ગર્ભવતી, કડીમાં વધુ




મહેસાણા જિલ્લામાં સગીર વયની દીકરીઓના ગર્ભવતી થવાના ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે, જે સમાજ માટે લાલબત્તી સમાન છે. આરોગ્ય વિભાગના રિપોર્ટ મુજબ, એપ્રિલથી ડિસેમ્બર૨૦૨૫ના ૯ મહિનાના ગાળામાં ૧૩થી ૧૭ વર્ષની વયજૂથની કુલ ૩૪૧ સગીર દીકરીઓ ગર્ભવતી હોવાનું નોંધાયું છે. આ ૩૪૧ સગીરાઓમાં ૧૪ વર્ષની ૨, ૧૫ વર્ષની ૩૪, ૧૬ વર્ષની ૭૬ અને સૌથી વધુ ૧૭ વર્ષની ૨૨૯ દીકરીઓનો સમાવેશ થાય છે. જિલ્લામાં નોંધાયેલી કુલ ૨૨,૮૧૨ સગર્ભા મહિલાઓમાંથી આ ૩૪૧ બાળાઓ છે. તાલુકાવાર વિગતો જોઇએ તો કડીમાં ૮૮ અને મહેસાણામાં ૮૦ સગીરાઓ ગર્ભવતી હોવાનું નોંધાયું છે. આ અંગે ઇન્ચાર્જ આરોગ્ય અધિકારી ઘનશ્યામ ગઢવીએ જણાવ્યું કે, નોંધણી બાદ આ તમામ બાળાઓને ન્યુટ્રિશિયન કીટ સહિત જરૂરી આરોગ્ય સહાય પૂરી પાડવામાં આવી રહી છે, કારણ કે તેમની ઓછી ઉંમરના કારણે વજન પણ ઓછું હોય છે. જોકે, આ બાળાઓના લગ્ન થયા છે કે નહીં તે માહિતી આરોગ્ય વિભાગ પાસે ઉપલબ્ધ ન હોવાથી તે તપાસનો વિષય છે.

**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## ગુજરાતમાં ઠંડીનો ચમકારો યથાવત્, નલિયા સૌથી ઠંડુ શહેર

રાજ્યમાં હાલ ઉત્તરથી પૂર્વના પવનો ફૂંકાતા ઠંડીનો ચમકારો યથાવત્ છે. કચ્છનું નલિયા ૧૦.૦ ડિગ્રી સાથે સૌથી ઠંડું શહેર રહ્યું છે, જ્યારે મોટાભાગના શહેરોમાં તાપમાન ૧૨ થી ૧૪ ડિગ્રીની આસપાસ નોંધાયું છે. હવામાન વિભાગે જણાવ્યું કે, આગામી સાત દિવસ સુધી લઘુતમ તાપમાનમાં મોટો ફેરફાર થવાની શક્યતા નથી. પવનની ગતિ વધુ હોવાથી લઘુતમ તાપમાન ભલે સ્થિર રહે, પરંતુ લોકોને ૧૪ ડિસેમ્બર સુધી શીતલહેર જેવી ઠંડીનો અહેસાસ સતત ચાલુ રહેશે. ખેડૂતોને રવિ પાકની જાળવણી માટે સાનુકૂળ હવામાન રહેવાની શક્યતા છે.



## નકલી ન્યૂઝ માઇક-લોગો ઉપયોગ કાયદેસર ગુનો

ભારતમાં નકલી પ્રેસ ઓળખપત્ર, ન્યૂઝ માઇક લોગો અથવા મીડિયા બ્રાન્ડિંગનો ઉપયોગ કરવો કાયદેસર રીતે અપરાધ ગણાય છે. સોશિયલ મીડિયા પર કેટલાક યુઝર્સ પત્રકાર તરીકે ભાસવા માટે ખોટી ઓળખ ઊભી કરે છે, પરંતુ આ પ્રવૃત્તિ impersonation ગણાય છે, જે IPCની કલમ 419 હેઠળ છેતરપિંડીનો ગુનો બને છે. નકલી ID બનાવવી અથવા તેનો ઉપયોગ કરવો IPC કલમ 463 અને 464 હેઠળ forgery તરીકે દંડનીય છે.

આ ઉપરાંત, પ્રમાણિત મીડિયા હાઉસના લોગો અથવા પ્રેસ એમ્બ્લેમનો ઉપયોગ કરવો ટ્રેડમાર્ક અને કોપીરાઇટ કાયદાનો ભંગ છે. IT ઍક્ટ, 2000 મુજબ કલમ 66C ઓળખ ચોરી અને કલમ 66D impersonation માટે કડક સજા નક્કી કરે છે. માત્ર નોંધાયેલી અને માન્યતા પ્રાપ્ત મીડિયા સંસ્થાઓમાં કાર્યરત વ્યાવસાયિક પત્રકારો જ કાયદેસર રીતે પ્રેસ ID વાપરી શકે છે. ખોટી ઓળખ વડે સત્તાનો ભ્રમ ઊભો કરવો, લોકોમાં ગેરમાહિતી ફેલાવવી અથવા ફાયદો મેળવવાનો પ્રયાસ કરવો કાયદેસર પરિણામો લાવી શકે છે. મદ્રાસ હાઈકોર્ટે પણ પોલીસને આવા નકલી પ્રેસ કાર્ડ ધરાવનારાઓ સામે કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે.




## રિજનલ કોન્ફરન્સ તારીખ બદલાઈ, રાજકોટ તૈયાર



વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની તારીખોમાં ફેરફાર થતાં હવે રાજકોટમાં કાર્યક્રમ 10 થી 12 જાન્યુઆરીએ યોજાશે. ઉદ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા થવાની શક્યતા છે. કચ્છ–સૌરાષ્ટ્ર કેન્દ્રિત આ કોન્ફરન્સમાં કૃષિ, પ્રવાસન, ઔદ્યોગિક વિકાસ, લોજિસ્ટિક્સ, એગ્રો પ્રોસેસિંગ અને એમએસએમઈ જેવા મુખ્ય ક્ષેત્રો પર સેમિનારો, ટ્રેડ ફેર અને રિવર્સ બાયર-સેલર મીટનું આયોજન થશે. ડિસેમ્બરમાં 11 જિલ્લાઓમાં પૂર્વ-કાર્યક્રમો યોજાશે. વડાપ્રધાનના હસ્તે અનેક વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત થવાની પણ તૈયારી છે.

## ઇન્ડિગોની સેવાઓ સામાન્ય થતાં એરફેર ફરી સ્થિર

ઇન્ડિગો એરલાઇન્સની દેશભરમાં ખોરવાયેલી હવાઈ સેવા ધીમે ધીમે સામાન્ય બની રહી છે, જેનાથી રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર પણ પ્રવાસીઓની અવરજવર પૂર્વવત્ થઈ છે. આજે (બુધવારે) સતત આઠમા દિવસે ઇન્ડિગોની સાંજની મુંબઈ અને દિલ્હીની એક-એક ફ્લાઇટ કેન્સલ રહી છે, જે આગામી શુક્રવાર સુધી ચાલુ રહેશે.

જોકે, આ બે ફ્લાઇટ સિવાયની અન્ય છ ઇન્ડિગો ફ્લાઇટ અને એર ઇન્ડિયાની ચાર ફ્લાઇટ શરૂ રહેતા કુલ ૧૦ ફ્લાઇટોનું ઉડ્ડયન નિયમિત રહ્યું છે. આજે દિલ્હી-૩, મુંબઈ-૫, ગોવા, હૈદરાબાદ અને બેંગ્લોરની ૧-૧ ફ્લાઇટનું સંચાલન કરવામાં આવ્યું હતું.

મહત્વની બાબત એ છે કે, ઇન્ડિગોની હવાઈ સેવામાં મુશ્કેલી આવતા એર ઇન્ડિયાએ મુંબઈ-દિલ્હીના એરફેર ખૂબ જ વધારી દીધા હતા. પરંતુ સરકારના નિયંત્રણો અને ઇન્ડિગોએ તેની મોટા ભાગની સેવાઓ ફરી શરૂ કરતાં એર ઇન્ડિયાના આસમાને પહોંચેલા એરફેર ફરી સામાન્ય સ્તરે આવ્યા છે. જેના કારણે લગ્નસરા અને નાતાલ પર્વ માટે ભારત આવેલા NRI પ્રવાસીઓ સહિત તમામ એર પ્રવાસીઓએ રાહત અનુભવી છે.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



**રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ઇન્ડિગોની ખોરવાયેલી સેવા ધીમે ધીમે નિયમિત થઈ. એર ઇન્ડિયાના આસમાને પહોંચેલા એરફેર ફરી નોર્મલ થયા, પ્રવાસીઓને રાહત.**

## ધોરાજી ST ડેપો ખાતે સ્વચ્છતા જાગૃતિ અભિયાન યોજાયું

ધોરાજી એસટી ડેપો ખાતે સ્વચ્છતાના સંદેશને જન-જન સુધી પહોંચાડવા માટે 'સ્વચ્છતા જાગૃતિ અભિયાન' અંતર્ગત પ્રેરક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ એસટી ડેપો પરિસરને સ્વચ્છ રાખવા માટે મુસાફરો અને સ્ટાફ બંનેને સક્રિયપણે જોડવાનો હતો.

કાર્યક્રમમાં એસટી ડેપોના ઉચ્ચ અધિકારીઓ, જેમાં કેર ટેકર અને એકાઉન્ટ ઓફિસર યોગેન્દ્રસિંહ ઝાલા, ડેપો મેનેજર પી. એલ. ડાંગર, ટીઆઇ યુવરાજસિંહ જાડેજા, હરદેવસિંહ વાઘેલા અને યુનિયનના આગેવાનો હાજર રહ્યા હતા.

સ્વચ્છતા અંગેના માર્ગદર્શન માટે બ્રહ્માકુમારી શ્રી વિજયાબેનને ખાસ આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેમણે તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે સ્વચ્છતા એ માત્ર શારીરિક જ નહીં પણ માનસિક સ્વાસ્થ્ય માટે પણ અનિવાર્ય છે. તેમણે ડેપો ખાતે હાજર રહેલા તમામ મુસાફરો અને સ્ટાફને જ્યાં-ત્યાં કચરો ન ફેંકવા, કચરાપેટીનો ઉપયોગ કરવા અને ડેપો પરિસરમાં ગંદકી ન કરવા માટે સચોટ માર્ગદર્શન આપ્યું હતું. આ જાગૃતિ અભિયાન દ્વારા ધોરાજી એસટી ડેપોને સ્વચ્છ રાખવાનો સામૂહિક સંકલ્પ લેવામાં આવ્યો હતો.

## ગોરવામાં ઝૂંપડા તોડકામ દરમિયાન આગથી અફરાતફરી

વડોદરાના ગોરવા દશામાં મંદિર નજીક ગુજરાત હાઉસિંગ બોર્ડની જમીન પર આવેલા આશરે 200 જેટલા ઝૂંપડા દબાણ શાખાએ તોડી પાડતા હડકંપ મચ્યો. રહેવાસીઓએ સ્થળખાલી કરાવવા થતી કાર્યવાહીનો વિરોધ કરતા ઝપાઝપી સર્જાઈ હતી. ડિમોલિશન દરમિયાન અચાનક એક ઝૂંપડામાં આગ ભભૂકતા અફરાતફરી ફેલાઈ હતી. તંત્ર, ફાયર બ્રિગેડ અને સ્ટાફે તાત્કાલિક સ્થિતિ સંભાળી હતી. હાઉસિંગ બોર્ડના નવા મકાન પ્રોજેક્ટને ધ્યાને રાખી ઝૂંપડા ખાલી કરાવવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

## ખેલ મહાકુંભ 2025: વડોદરા અન્ડર–14 હોકી ટીમ વિજેતા

દાહોદ જિલ્લાના દેવગઢબારિયામાં રાજ્ય સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ 2025 અંતર્ગત ઝોન કક્ષાની હોકી સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. અન્ડર–14, અન્ડર–17 અને ઓપન કેટેગરીમાં ભાઈઓ અને બહેનોની સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં વડોદરા શહેરની અન્ડર–14 બહેનોની ટીમે ઉત્કૃષ્ટ રમતકૌશલ્યનું પ્રદર્શન કરી ઝોન લેવલની ચેમ્પિયનશિપ પોતાના નામે કરી હતી.

આઠ જિલ્લાઓની ટીમો વચ્ચે ભારે હરીફાઈ જોવા મળી હતી. અનેક રાઉન્ડ બાદ છ ટીમો બહાર થઈ ગઈ હતી, જ્યારે ફાઈનલ મુકાબલો વડોદરા શહેર અને વડોદરા ગ્રામ્યની ટીમ વચ્ચે રમાયો હતો. રમત દરમ્યાન શહેરની ટીમે મજબૂત રક્ષણ અને આક્રમક હુમલાથી મેચ પર કબજો જમાવ્યો હતો અને અંતે વિજેતા બની.

જીત બાદ ટીમમાં આનંદનો માહોલ છવાઈ ગયો હતો. કોચ સુશીલ બામનેલકર અને મેનેજર કેદાર ઉત્તેકરની સતત મહેનત અને તાલીમનો ખેલાડીઓને લાભ મળ્યો હતો. તેઓએ ખેલાડીઓની ફિટનેસ, તકનિક અને કોમ્બિનેશન પર વિશેષ ધ્યાન આપ્યું હતું.

વડોદરા શહેરની ટીમ હવે સ્ટેટ લેવલની સ્પર્ધાઓ માટે તૈયારીઓ શરૂ કરશે. આ સફળતા વડોદરા માટે ગૌરવની વાત બની છે અને સ્થાનિક રમતજગતમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે.



## વડોદરામાં વૃદ્ધથી 7 લાખની ખંડણી, હનીટ્રેપ કાંડ

વડોદરામાં ફેસબુક મારફતે હનીટ્રેપનો વધુ એક કિસ્સો બહાર આવ્યો છે. વારસિયા રીંગ રોડ વિસ્તારમાં રહેતા 68 વર્ષીય વૃદ્ધને 'પીન્કી પટેલ' નામની યુવતીએ ફસાવી માલસર-શિનોર લઈ ગઈ હતી. પરત ફરતી વખતે સફેદ કારમાં આવેલા શખ્સોએ પોતે પોલીસ હોવાનું જણાવી યુવતીને ડ્રગ્સ કેસમાં સંડોવાયેલી બતાવી વૃદ્ધને પણ ફસાવવાની ધમકી આપી હતી. નકલી પોલીસ બનેલી ટોળકીએ 9 લાખની માંગણી કરી હતી, અંતે વૃદ્ધ પાસેથી 7 લાખનો બેરર ચેક લઈ રકમ ઉપાડી ભાગી ગઈ. ફરિયાદ બાદ શિનોર પોલીસે તપાસ શરૂ કરી અમદાવાદના નરોડાથી એક આરોપીને ઝડપી લીધો છે, જ્યારે અન્ય આરોપીઓ ફરાર છે.

## રાજકોટમાં મતદાર યાદી સુધારણાનો છેલ્લો દિવસ આજે

રાજકોટ શહેર-જિલ્લામાં મતદારયાદી સઘન સુધારણા કાર્યક્રમનો અંતિમ દિવસ આવતીકાલે છે. તા. 11ના મધરાતે મતદારયાદી લોક થઈ જશે અને ત્યારબાદ 16 તારીખથી સુધારા શક્ય બનશે. જિલ્લામાં કુલ 23.91 લાખ મતદારોમાંથી 20.46 લાખનું ઈએફ તથા 3.44 લાખનું એએસડી ડિજિટાઈઝેશન પૂર્ણ થયું છે. 4000 બ્લોએ ડોર-ટુ-ડોર મુલાકાત લઈ મતદાર ગણતરી પૂર્ણ કરી હતી. આ પ્રક્રિયામાં 64710 મતદારો સ્થળ પર ન મળતા નોંધાયા છે. હવે 16 ડિસેમ્બરે મતદાર યાદીનો મુસદ્દો પ્રસિદ્ધ કરાશે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## બિલખા: વનરાજ વોટર પાર્કથી ખડિયા રોડ સમારકામની માંગ



જૂનાગઢ-બગસરા હાઇવે ઉપર વિજાપુર ગામના પાટિયા પાસે આવેલ વનરાજ વોટર પાર્કથી ખડિયા ગામ સુધીનો રોડ અત્યંત બિસ્માર હાલતમાં છે. આ ભયંકર સ્થિતિને કારણે ગંભીર અકસ્માતોની ભીતિ સ્પષ્ટપણે જણાઈ રહી છે.આ રોડ માર્ગ અને મકાન સ્ટેટ વિભાગ હેઠળ આવતો હોવાથી, બિલખાના સામાજિક કાર્યકર શૈલેષભાઈ માડાણીએ કાર્યપાલક ઇજનેરને રૂબરૂ મળીને લેખિત આવેદનપત્ર આપ્યું છે. તેમણે જનહિતમાં આ રોડનું તાત્કાલિક રી-કાર્પેટિંગ કરવા માટે રજૂઆત કરી છે, અન્યથા લોક આક્રોશ ફાટી નીકળવાની શક્યતા છે.

**રિપોર્ટ:આશીષ વસાવડા**

## નશાકાંડ બાદ પોલીસની ભૂમિકા પર સવાલો

વડોદરાના ન્યૂ વાઘોડિયા રોડ પર આવેલી શ્યામલ કાઉન્ટી સોસાયટીમાં મકાન નંબર ૧૪૦ ગેરકાયદે પ્રવૃત્તિઓનું કેન્દ્ર બન્યું હતું. અહીં રહેતા ૧૦ જેટલા વિદ્યાર્થીઓ રાત્રે મોટા અવાજે મસ્તી અને મોડી રાત સુધી અવરજવર કરતા હતા, જેનાથી સ્થાનિક રહીશોની શાંતિ જોખમાઈ હતી.

તારીખ ૧/૧૨/૨૦૨૫ના રોજ સવારે સોસાયટીના ટેરેસ પર ખુલ્લામાં ગાંજા, દારૂ અને અન્ય કેફી દ્રવ્યોની મહેફિલ ચાલતી હોવાની ચોક્કસ ફરિયાદને આધારે વાઘોડિયા પોલીસ સ્ટેશનને જાણ કરાઈ હતી. પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી. પોલીસને મકાનમાં ૬ના બદલે ૧૦ વ્યક્તિઓ હાજર મળ્યા હતા, જેમાંથી ૭ વ્યક્તિઓ અજાણ્યા હતા અને તમામ નશાની હાલતમાં હતા. પોલીસે ઘરમાંથી કેફી દ્રવ્યો અને દારૂ પણ કબજે કર્યા હતા.

પોલીસે તમામ આરોપીઓને પોલીસ સ્ટેશન હાજર થવા જણાવ્યું હતું. જોકે, બીજા દિવસે પણ તે જ વિદ્યાર્થીઓ ઘરમાં હાજર રહેતાં સ્થાનિક રહીશોમાં આશ્ચર્ય ફેલાયું હતું. બે-ત્રણ દિવસ પછી વિદ્યાર્થીઓ મકાન ખાલી કરીને જતાં રહ્યા, પરંતુ પોલીસે (જો કેફી દ્રવ્ય મળ્યા હોય તો NDPS એક્ટ) કે પ્રોહિબિશન એક્ટ હેઠળ શું કાર્યવાહી કરી, તે અંગેની સત્તાવાર માહિતી બહાર ન આવતા પોલીસની કાર્યવાહી પર સવાલો ઊભા થયા છે.

## ઇન્દીરાનગરમાં પેવર બ્લોક રોડ માટે રૂ.5 લાખ ફાળવાયા

ઇન્દીરાનગરના વિકાસ માટે સ્થાનિક નેતાઓની રજૂઆતને સફળતા મળી છે. સાંસદની ગ્રાન્ટમાંથી ફાળવવામાં આવેલી રૂ. ૫ લાખની રકમથી અહીં પેવર બ્લોક રોડ બનાવવામાં આવશે. જેનું આજરોજ જિલ્લા ભાજપ પ્રમુખ ચંદુભાઈના વરદ હસ્તે વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ જિલ્લા પ્રમુખ કિરીટભાઈ પટેલ, નિર્મળભાઈ, જયેશભાઈ બોઘરા અને બીલખા પંચાયતના સદસ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કામ ગુણવત્તાયુક્ત થાય તે માટે ખાસ તકેદારી રાખવામાં આવશે તેમ સ્થાનિક આગેવાનોએ જણાવ્યું હતું.



## અમદાવાદ: ક્રાઇમબ્રાન્ચે દેશી તમંચા સાથે એક આરોપીને ઝડપ્યો

અમદાવાદ શહેર ક્રાઇમબ્રાન્ચ દ્વારા શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ સૂચનાના આધારે કાર્યરત ક્રાઇમબ્રાન્ચની ટીમને હ્યુમન સોર્સથી મળેલી બાતમીના આધારે મોટી સફળતા મળી છે.

ક્રાઇમબ્રાન્ચે વેજલપુર વિસ્તારમાં ગ્યાસપુર કેનાલ રોડ પરથી અબ્દુલ રશીદ ઉર્ફે અવદાન અબ્દુલ અઝીઝ કુરેશી (ઉ.વ. ૪૯) નામના શખ્સને ઝડપી પાડ્યો હતો. આરોપી મૂળ ઉત્તર પ્રદેશના બલરામપુર જિલ્લાનો વતની છે અને હાલ ફતેવાડી વિસ્તારમાં રહે છે.

આરોપી પાસેથી વગર પાસ-પરમીટે અને ગેરકાયદેસરનો લોખંડનો હાથ બનાવટનો દેશી તમંચો (કિંમત રૂ. ૧૫,૦૦૦) કબજે કરવામાં આવ્યો છે. ક્રાઇમબ્રાન્ચ દ્વારા આર્મ્સ એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આરોપી કયા ઇરાદાથી આ ગેરકાયદેસર હથિયાર રાખતો હતો અને તેનો સપ્લાય ક્યાંથી થયો હતો તે અંગેની વધુ તપાસ હાલમાં ચાલી રહી છે.

**રિપોર્ટ : પઠાણ સાજીદખાન**




**અમદાવાદ ક્રાઇમબ્રાન્ચે વેજલપુર વિસ્તારમાંથી અબ્દુલ રશીદ ઉર્ફે અવદાન કુરેશી નામના શખ્સને વગર પાસ-પરમીટે દેશી બનાવટના તમંચા સાથે ઝડપી પાડ્યો છે. તેની વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી .**

## માંજલપુરમાં પૈસાની અદાવતથી ઝપાઝપી ઉગ્ર બની

માંજલપુર વિસ્તારમાં પૈસાની લેતી-દેતીના વિવાદે હિંસક વળાંક લીધો હતો. ફરિયાદી કરણ ગોપાલભાઈ રાઠવા મુજબ ધવલ ઉર્ફે બાબુ સાલુકે, વિષ્ણુ વણઝારા અને અન્ય બે ઈસમોએ લોખંડની પાઈપ વડે હુમલો કર્યો હતો. ઘટનામાં સાહેદ ચિત્રાબેનને માથામાં ઈજા પહોંચતા ચકિતતા ફેલાઈ હતી, જ્યારે ફરિયાદીને પગે ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ થઈ હતી. અદાવતને કારણે થયેલી આ ઝપાઝપીથી વિસ્તારમાં તણાવપૂર્ણ માહોલ સર્જાયો છે.

## કપુરાઇ વિસ્તારમાં નાની બોલાચાલીથી મામલો ગંભીર બન્યો

વડોદરાના કપુરાઇ વિસ્તારમાં મોબાઈલ ગેમને લઈ થયેલી નાની બોલાચાલી આખરે ગંભીર ઝપાઝપીમાં ફેરવાઈ ગઈ. ફરિયાદી ગોલાભાઈ રમેશભાઈ રાઠોડિયાએ જણાવ્યું મુજબ નવીનગરી, વડદલા રોડ વિસ્તારમાં આવેલા વિવાદને અદાવતમાં રાખી આરોપી અજય ઉર્ફે જાડીયાએ તેમના 15 વર્ષના દીકરા ગણેશ પર લાકડાના ડંડાથી હુમલો કર્યો હતો. ઘટનામાં ગણેશના હાથમાં ફ્રેક્ચર થયું હોવાની માહિતી સામે આવી છે. સામાન્ય મુદ્દે શરૂ થયેલો વિવાદ આકરા સ્વરૂપ ધારણ કરતા વિસ્તારમાં ચકચાર મચી હતી અને બાળ સુરક્ષા મુદ્દે ચર્ચા ઉઠી છે.

## વડોદરામાં અનેક માર્ગ અકસ્માતોથી શોક અને ચિંતા વધતી

વડોદરામાં અલગ-અલગ વિસ્તારોમાં બનેલા ગંભીર અકસ્માતોએ શહેરમાં શોક અને ચિંતા ફેલાવી છે. હરણી વિસ્તારમાં એલ એન્ડ ટી સર્કલ નજીક મિની બસની ટક્કરે હીરાલાલ છાજેડ ઈજાગ્રસ્ત થયા જ્યારે તેમની પત્નીનું મોત થયું. નેશનલ હાઈવે–48 પર બાલાજી પેટ્રોલપંપ નજીક ટ્રેલર દ્વારા ત્રણ વાહનોને નુકસાન પહોંચાડાયું. ઈવા મોલ પાસે અર્ટીગા કારની રોંગ સાઈડ ચાલકે ડિલિવરી બોય જયેશસિંહ ચૌહાણને ટક્કર મારતા ફ્રેક્ચર થયું. મહાદેવ હોટલ સામે બનેલા ડબલ ફેટલ અકસ્માતમાં સમીર શાહ અને તેમની બહેન બીનલબેનનું દુર્ભાગ્યે મોત થયું.

## વડોદરા ક્રાઈમ: હાથીખાનામાંથી ચોરી કરતો રીઢો તસ્કર ઝબ્બે

સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા ડૉ. પાર્થરાજસિંહ ગોહિલની ડ્રગ્સ માફિયાઓ સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિના પગલે SOGએ મોટી સફળતા મેળવી છે. SOGના પીઆઈ ડી.સી. પરમાર અને પીએસઆઈ પી. એમ. ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમે પોશીના વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન મળેલી ગુપ્ત બાતમીના આધારે કાર્યવાહી કરી હતી.

પોલીસને લાખીયા ગામે નાની સોનગઢ ફળીમાં હાંમથાભાઈ ધર્માભાઈ ડાભી નામના શખ્સ દ્વારા ગેરકાયદે ગાંજાનું વાવેતર કરાયું હોવાની માહિતી મળી હતી. પોલીસે બાતમીની ખરાઈ કરવા માટે ડ્રોન દ્વારા તપાસ કરી અને ત્યારબાદ રેઇડ પાડી હતી.

રેઇડ દરમિયાન આરોપી હાંમથાભાઈ ડાભીના કબજા ભોગવટાની જમીનમાંથી માદક પદાર્થ ગાંજાના ૫૫૮ છોડ મળી આવ્યા હતા. જપ્ત કરાયેલા ગાંજાના છોડની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત આશરે ₹૧,૧૩,૧૧,૮૫૦ આંકવામાં આવી છે. પોલીસે આરોપીની ધરપકડ કરીને તેની વિરુદ્ધ NDPS એક્ટ હેઠળ કડક કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે, જે યુવાધનના સ્વાસ્થ્ય સાથે ચેડા કરનારાઓ માટે એક દાખલો બેસાડે છે.



**સાબરકાંઠા SOGએ પોશીનાના લાખીયા ગામે ડ્રોન દ્વારા તપાસ કરી ₹૧.૧૩ કરોડની કિંમતના ૫૫૮ ગાંજાના છોડનું વાવેતર ઝડપી પાડ્યું, એકની ધરપકડ.**

## વડોદરાના ત્રણ વિસ્તારોમાં ચોરીની ઘટનાઓ ઉકેલાઈ રહી

વડોદરામાં અલગ-અલગ વિસ્તારોમાં થયેલી ચોરીની ત્રણ ઘટનાઓ ચર્ચામાં છે. માંજલપુરના રિલાયન્સ મોલમાંથી મનીષભાઈ મકવાણાનો રૂ. 20,999 કિંમતનો મોટોરોલા મોબાઈલ અજાણી વ્યક્તિએ ઉપાડી લીધો હોવાનું સામે આવ્યું છે. મકરપુરા વિસ્તારમાં માણેજા ચાર રસ્તા નજીક બે ગઠિયાઓએ જેન્તીભાઈ પરમારનું ATM કાર્ડ નજર ચૂકવી બદલી નાખી ખાતામાંથી રૂ. 35,000 ઉપાડી લીધા હતા. તેવી જ રીતે જવાહરનગર વિસ્તારમાં શારદા શોપિંગ સેન્ટરમાં આવેલી ઓફિસના ટેબલ પરથી અરવિંદકુમાર શાહનું પર્સ, જેમાં રૂ. 25,000 રોકડ અને જરૂરી દસ્તાવેજો હતા, ચોરી થઈ ગયું. સતત બનતી આવી ચોરીઓથી શહેરવાસીઓમાં ચિંતા વ્યક્ત થઈ રહી છે.

## સમા વિસ્તારમાં બાઈક ચોરીની ઘટના ચકચારમાં

વડોદરાના સમા વિસ્તારમાં વાહન ચોરીનો નવો બનાવ સામે આવ્યો છે. દુમાડ ચોકડી સર્વિસ રોડ નજીકથી અક્ષય પટેલની હોન્ડા સાઈન બાઈક (નં. GJ-06-KB-2307) અજાણી વ્યક્તિએ ચોરી કરી લીધી હોવાનું નોંધાયું છે. અંદાજે રૂ. 30,000 કિંમતની આ બાઈક દિવસ દરમિયાન પાર્ક કરેલી હતી અને માલિક પરત ફર્યા ત્યારે વાહન ગાયબ મળ્યું હતું. વિસ્તારમાં અગાઉ પણ આવા નાના-મોટા ચોરીના બનાવો બનતા રહેતા હોય, આ નવી ઘટના આસપાસના રહેવાસીઓમાં ચિંતા વધારી રહી છે. વધતી વાહન ચોરીઓ વચ્ચે વાહનમાલિકોને સાવચેત રહેવા અને સુરક્ષા અંગે વધુ તકેદારી રાખવા અનુરોધ કરવામાં આવી રહ્યો છે.

**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## ઉત્તર ગુજરાતમાં હોમગાર્ડ નિવૃત્તિ વય વધારાનો લાભ

રાજ્ય સરકારે હોમગાર્ડ જવાનોની નિવૃત્તિ વય મર્યાદા 55 થી વધારી 58 વર્ષ કરવાની જાહેરાત કરતા ઉત્તર ગુજરાતમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાઓમાં હોમગાર્ડ જવાનો વિવિધ સરકારી બંદોબસ્ત અને દૈનિક ફરજોમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. માનદ સેવા, રાત્રિ પેટ્રોલિંગ અને લોકવ્યવહાર નિયંત્રણ જેવી ફરજો નિભાવતા જવાનો માટે વધારેલી વય મર્યાદા સકારાત્મક નિર્ણાયક બની છે. આ બદલાવથી અનેક પરિવારોમાં હર્ષનો માહોલ છવાયો છે. **રિપોર્ટ : જનક જાદવ**



## શિક્ષણ ક્ષેત્રે પોરબંદર પ્રોફેસરની નવી સિદ્ધિ

પોરબંદરમાં શિક્ષણ અને સંસ્કાર ઘડતર ક્ષેત્રે અગ્રેસર શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત ડો. વી. આર. ગોઢાણીયા મહિલા કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના વિઝિટિંગ પ્રોફેસર શ્રી વૈભવીબેન હરીશભાઈ ચુડાસમાએ ઉત્તર ગુજરાતની હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીમાં પી.એચડી.નું રજીસ્ટ્રેશન કરાવતા તેમનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

તેઓ ડો. પ્રિયંકાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ "પોરબંદર જિલ્લાના મત્સ્ય ઉદ્યોગનું આર્થિક વિશ્લેષણ" વિષય પર સંશોધન હાથ ધરશે. આ પ્રસંગે ટ્રસ્ટની ઓફિસ ખાતે તેમનું અભિવાદન કરાયું હતું.

ટ્રસ્ટના પ્રમુખ ડો. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણીયાએ જણાવ્યું હતું કે, અધ્યાપકો પોતાના વિષયમાં તલસ્પર્શી અભ્યાસ માટે પી.એચડી.નું સંશોધન કરે તે સંસ્થા માટે ગૌરવપ્રદ છે. તેમણે અર્થશાસ્ત્રને દેશના વિકાસની કરોડરજ્જુ ગણાવી સંશોધનનું મહત્ત્વ સમજાવ્યું હતું. ડાયરેક્ટર ડો. ભાવનાબેન કેશવાલાએ અધ્યાપકોની તેજસ્વિતા વધારવા સંશોધન આવશ્યક હોવાનું જણાવ્યું હતું. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડો. કેતનભાઈ શાહ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

**રિપોર્ટ : હર્ષ ભરડા**




**પોરબંદર મહિલા કોલેજની પ્રોફેસર વૈભવી ચુડાસમાએ હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીમાં પી.એચ.ડી. નોંધણી કરાવી; સંસ્થામાં હર્ષનો માહોલ.**

## સાબરકાંઠા SOGએ ₹૧.૧૩ કરોડનું ગાંજાનું વાવેતર ઝડપ્યું

સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા ડૉ. પાર્થરાજસિંહ ગોહિલની સૂચનાથી SOGએ ડ્રગ્સ વિરોધી અભિયાન તેજ કર્યું છે. SOG સ્ટાફે પોશીનાના લાખીયા ગામે બાતમીના આધારે ડ્રોન દ્વારા તપાસ હાથ ધરી રેઇડ કરી હતી. હાંમથાભાઈ ધર્માભાઈ ડાભીના રહેણાંક મકાન નજીક વાવેતર કરેલા ૫૫૮ ગાંજાના છોડ ઝડપાયા છે, જેની કિંમત આશરે ₹૧,૧૩,૧૧,૮૫૦ આંકવામાં આવી છે. પોલીસે આરોપી હાંમથાભાઈ ડાભીની અટકાયત કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**રીપોર્ટ : કુલદીપ ભાટીયા**



## ઘડિયા ગામમાં ઠાકોર સમાજની વાડી બનાવવાની માંગણી પ્રબળ

ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના ઘડિયા ગામમાં ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે વાડી બનાવવા અંગેની માગણી સાથે ગ્રામ પંચાયત સમક્ષ આવેદનપત્ર રજૂ કરવામાં આવ્યું છે. પરમાર દીપકકુમાર સહિત સમાજના જાગૃત નાગરિકો અને અગ્રણીઓએ તલાટી સાહેબ, સરપંચ રેવાભાઈ ઘડિયા અને પંચાયત કમિટીના તમામ સભ્યોને આ આવેદનપત્ર પાઠવ્યું હતું.

આ રજૂઆતમાં ઠાકોર સમાજે નમ્ર અપીલ કરી છે કે સમાજની એક માગણી તરીકે ઠાકોર સમાજની વાડીનું નિર્માણ થાય. રજૂઆતકર્તાઓએ જણાવ્યું હતું કે સમાજની વાડી બનવાથી લગ્ન, ઉત્સવો અને અન્ય સામાજિક કાર્યો માટે યોગ્ય સ્થળ મળી રહેશે.

આવેદનપત્ર આપવા પહોંચેલા અગ્રણીઓમાં પરમાર પ્રવિણભાઈ, પરમાર વૃષભભાઈ, પરમાર ભલાભાઈ, રાકેશભાઈ અને પંકજભાઈ સહિતના સભ્યો હાજર રહ્યા હતા. ઠાકોર સમાજે ઘડિયા ગામના જનતા તરીકે તેમની આ ન્યાયીક માંગણી પ્રત્યે સકારાત્મક વલણ અપનાવવામાં આવે તેવી અપેક્ષા વ્યક્ત કરી છે. આ માંગણી પર પંચાયત દ્વારા જલદી નિર્ણય લેવાય તેવી શક્યતા છે.



## સયાજીગંજમાં પાણી લાઈન કામગીરી દરમિયાન તણાવ સર્જાયો

વડોદરાના સયાજીગંજ વિસ્તારમાં પાણીની પાઈપ લાઈન બદલવાના કામ દરમિયાન વિવાદ સર્જાયો હતો. સરકારી કર્મચારી અજયકુમાર નવિનચંદ્ર ડોડિયા રસુલજીની ચાલી વિસ્તારમાં કામગીરી કરી રહ્યા હતા ત્યારે મનોજ પરમાર, રીતેષ પરમાર તેમજ ચાર મહિલાઓ સાથે તેમની બોલાચાલી થઈ અને પછી તણાવપૂર્ણ સ્થિતિ ઊભી થઈ. કામ દરમિયાન થયેલા આ વિવાદને કારણે કામગીરી થોડોક સમય માટે અટકી ગઈ હતી. ઘટનાએ સ્થાનિકોમાં ચર્ચા જન્માવી હતી અને જાહેર કામકાજ દરમિયાન શાંતિ જળવાઈ રહે તે અંગે પ્રશ્નો ઊભા કર્યા છે.

## વડોદરામાં એક જ દિવસે દારૂના ૩૪ કેસો નોંધાયા

વડોદરા શહેરના અનેક વિસ્તારોમાં કરવામાં આવેલી કામગીરી દરમિયાન કુલ 34 પ્રોહિબિશનના કેસો બહાર પાડવામાં આવ્યા છે. ચકાસણી દરમિયાન દેશી દારૂ લીટર-21, ઇંગ્લિશ દારૂની 346 બોટલ/ક્વાર્ટર, 18 બિયર તથા એક ફોરવ્હીલર સહિત કુલ રૂ. 5,55,800ના મુદ્દામાલનો કબજો લેવાયો છે. શહેરમાં દારૂની હેરાફેરી અને સેવનની વધતી ઘટનાઓને ધ્યાનમાં રાખીને આ કાર્યવાહી નોંધપાત્ર ગણાઈ રહી છે. ઓપરેશન દરમિયાન પીધેલા 25 સહિત કુલ 30 ઈસમોને અટકાયત કરવામાં આવ્યા છે. સતત મળી રહેલા આવા કેસોથી શહેરમાં દારૂ નિયંત્રણ અંગે ચર્ચા ફરી તેજ થઈ છે

## ઇડર વિસ્તારમાં દીપડાના વધતા શિકારથી ચિંતા વ્યાપી

સાબરકાંઠાના ઇડર વિસ્તારમાં વન્ય પ્રાણીઓની ચહલપહલ અને શિકારની ઘટનાઓ વધતા લોકચિંતા ઊભી થઈ છે. ઇડર ગઢ તથા આસપાસના ડુંગર વિસ્તારમાં રાત્રિના સમયે દીપડાના દેખાવ સાથે મયુર માર્બલ્સ નજીક ગલુડિયાનો શિકાર થયાનો બનાવ ચર્ચામાં છે. ઝૂમસર ગામમાં પણ એક અઠવાડિયામાં ત્રણ પશુઓના શિકાર બાદ ગ્રામજનોમાં ભયનું વાતાવરણ ફેલાયું છે. દીપડાને પકડવા અને શિકાર ઘટનાઓ રોકવા ગ્રામજનોએ વન વિભાગને પાઝરું મૂકી કાર્યવાહી કરવાની માંગણી કરી છે.

**રિપોર્ટ : જનક જાદવ**



## અંકોડિયામાં યુવતીનો મૃતદેહ મળતા તપાસ તેજ બની

વડોદરા નજીક અંકોડિયા ગામની સીમ વિસ્તારમાં 25 વર્ષની અજીજાબાનુ દીવાનનો મૃતદેહ મળતા ચકચાર મચી હતી. ખેતરમાં અવાવરુ હાલતમાં લાશ મળી હતી અને ગળા પર ઈજાના નિશાન જોવા મળતાં હત્યાની શંકા ઊભી થઈ. પોસ્ટમોર્ટમમાં દુપટ્ટાથી ટુંપો આપવાથી મોત થયાનું બહાર આવ્યું. મૃતક ગોરવામાં પિતાના ઘરે રહેતી હતી અને ગઇકાલે રાત્રે કોઇને કહ્યા વિના નીકળી ગઈ હતી. સવારે તેમનો મૃતદેહ મળ્યો હતો. તાલુકા પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો છે અને કોલ ડીટેઇલ્સ તથા CCTV ફૂટેજના આધારે તપાસ ઝડપી બનાવી છે.



## સાબરકાંઠા: વાતાવરણ પલટાથી શરદી-તાવનો રોગચાળો વકર્યો

રાજ્યમાં પડેલી કડકડતી ઠંડીએ સાબરકાંઠા જિલ્લામાં વાયરલ રોગચાળાને આમંત્રણ આપ્યું છે. જોકે શિયાળાને તંદુરસ્તી માટે ઉત્તમ માનવામાં આવે છે, પરંતુ તાજેતરના હવામાન પલટા (વરસાદ અને ત્યારબાદ તીવ્ર ઠંડી)ને કારણે લોકોનું આરોગ્ય જોખમાયું છે. જિલ્લામાં શ્વાસન માર્ગના ચેપ અને ઇન્ફ્લુએન્ઝાના લક્ષણો ધરાવતા દર્દીઓની સંખ્યામાં ભારે વધારો નોંધાયો છે. સરકારી રજિસ્ટરમાં નોંધાયેલી આંકડાકીય માહિતી મુજબ, હિંમતનગરમાં ૯૯૩ અને ઇડરમાં ૪૨૨ જેટલા કેસ નોંધાયા છે, જે જિલ્લામાં સૌથી વધુ છે. આ અંગે સિવિલ હોસ્પિટલના સર્જીકલ મેડિકલ ડોક્ટરે જણાવ્યું હતું કે, વર્તમાન સમયના પરિવર્તનના કારણે આ બીમારીના કેસમાં વધારો થયો છે. આરોગ્ય વિભાગે રોગચાળો વધુ ન વકરે તે માટે આરોગ્યલક્ષી કામગીરી હાથ ધરી છે. લોકોને તાવ, ઉધરસ, ગળામાં દુખાવો કે શરીરમાં દુખાવાની સમસ્યા જણાય તો તાત્કાલિક સરકારી આરોગ્ય કેન્દ્રમાં સારવાર લેવા અને ઠંડીથી બચવા માટે યોગ્ય તકેદારી રાખવા વિનંતી કરવામાં આવી છે. **રિપોર્ટ : જનક જાદવ**



સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## સાપાવાડા: રામદેવપીર મહારાજનો ૩૩ જ્યોત પાઠ ઉજવાયો

બહુચરાજી તાલુકાના સાપાવાડા ગામમાં મંગળવારે રામદેવપીર મહારાજના મંદિરે ૩૩ જ્યોત પાઠનો વાર્ષિક મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. દર વર્ષની પરંપરા મુજબ સમગ્ર ગામે મળીને આ ધાર્મિક કાર્યક્રમને ભવ્ય બનાવ્યો. આ વર્ષે દિલીપદાન ગુલાબદાન ગઢવી (સિલ્ગા)એ ₹૫૮,૦૦૦નો ઊંચો ચડાવો બોલીને આરતીનો લાભ મેળવ્યો. રાત્રે આયોજિત ભજન-સંતવાણીમાં કલાકારોએ સુરીલા ભજનો ગાયાં અને મોટી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનોએ આધ્યાત્મિક આનંદ સાથે ધર્મલાભ લીધો. **રિપોર્ટ : ભુરાજી ઝાલા બહુચરાજી**



## વસો બામરોલી સરપંચ ખોટા સોગંદનામા બદલ સસ્પેન્ડ

વસો તાલુકાની બામરોલી ગ્રામ પંચાયતના સરપંચ જશોદાબેન સોલંકીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તેમણે ચૂંટણી સમયે વ્યક્તિગત માહિતી છુપાવવા માટે ખોટું સોગંદનામું રજૂ કર્યું હતું. સ્થાનિક અરજદારની રજૂઆત બાદ વસો તાલુકા વિકાસ અધિકારી (TDO) દ્વારા આ કડક કાર્યવાહી કરવામાં આવી છે. **રિપોર્ટ : કિરણકુમાર ગોહિલ. આંકલાવ**



## સુરત: ઈંટ ભઠ્ઠાની ટ્રક અકસ્માતમાં સગીર દીકરીનું કરુણ મોત

સુરત જિલ્લાના અંબિકા તાલુકામાં આજે સવારે એક હૃદયદ્રાવક ઘટના બની. ધામખડી ગામની સીમમાં ધામખડી-બહેડારાયપુરા રોડ ઉપર ઈંટના ભઠ્ઠા પાસેથી પસાર થતી ટ્રક (GJ-19-Y-6591)ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારી ૧૧મા ધોરણમાં અભ્યાસ કરતી રિયાકુમારી ધર્મેશભાઇ પટેલ (ઉ.વ.૧૬)ની એક્ટિવા મોપેડને પાછળથી ટક્કર મારી ટ્રકનું વ્હીલ ચઢાવી દીધું. ગંભીર ઈજાઓને કારણે દીકરીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

સ્થાનિક લોકોએ આ ઘટના માટે મહુવા અને અંબિકા તાલુકામાં બેફામ બનેલા ભૂમાફિયાઓને જવાબદાર ઠેરવ્યા છે. આક્ષેપ છે કે, ઈંટના ભઠ્ઠાના બેતાજ બાદશાહો સરકારી અધિકારીઓના 'મૌન'ના કારણે બેરોકટોકપણે ગેરકાયદે પ્રવૃત્તિઓ ચલાવી રહ્યા છે. સ્થાનિકોની ફરિયાદ છે કે જો ખાણ-ખનીજ વિભાગ નિયમિત તપાસ કરે તો આવા અનેક 'બેનંબરી' ઈંટના ભઠ્ઠાઓ બહાર આવે, પરંતુ મામલતદાર સહિતના અધિકારીઓનું મૌન શંકા પ્રેરે છે. પોલીસે ટ્રક અને ચાલકને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. **રિપોર્ટ : ભાવેશ પટેલ**



## ગઢડા: SRPF જવાનના પરિવાર પર હુમલો, પોલીસ પર સવાલ

ગઢડા તાલુકાના ગાળા ગામે SRPF જવાન ગાબુ અશ્વિનભાઈ રસિકભાઈનો પરિવાર ગંભીર હુમલા બાદ ન્યાય માટે ઝઝૂમી રહ્યો છે. ૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરે મોટરસાયકલ સાઇડમાં લેવા જેવી સામાન્ય બાબતે રત્ના મારૂ, કુકા મારુ અને અજય મારૂ નામના શખ્સોએ જવાનના પરિવાર પર હુમલો કર્યો હતો.

હુમલા દરમિયાન જવાનના માતા પ્રભાબેનને વાળ પકડીને ઘસડવામાં આવ્યા હતા અને તેમના કપડાં ફાડી નાખી માર મારવામાં આવ્યો હતો. આ ઉપરાંત, જવાન અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપવામાં આવી હતી. પીડિત પરિવારે FIRમાં લોખંડના પાઇપ અને લાકડીના ઘાનો ઉલ્લેખ ન હોવાનું જણાવ્યું છે.

સૌથી ગંભીર બાબત એ છે કે, પીડિતે ગઢડા પોલીસ સ્ટેશનના PI પલાસ સાહેબને મૌખિક રજૂઆત કરતાં તેમણે આ ઘટનાને 'નજીવી' ગણી ધરપકડ જરૂરી ન હોવાનું અને 'બે ધોકા મારવાથી ગુનો બનતો નથી' તેવા ઉચ્ચક જવાબો આપ્યા હતા. પોલીસની આ નિષ્ક્રિયતાને કારણે આરોપીઓએ બીજા દિવસે પણ ગામમાં ફરીને પીડિતના ઘર સામે ધાક-ધમકી આપી હતી. પીડિત પરિવારે તાત્કાલિક પોલીસ રક્ષણની માંગણી કરી છે. **રિપોર્ટ : મનસુખ વાળા ગઢડા**



## વડોદરા જિલ્લામાં અલગ વિસ્તારોમાં દારૂના અનેક કેસો ખુલ્યા

વડોદરા જિલ્લાના પાદરા, ડેસર, વરણામા, ડભોઇ, જરોદ, ચાણોદ અને વાઘોડિયા સહિતના વિસ્તારોમાં દારૂના જુદા જુદા કેસો સામે આવ્યા છે. પાદરામાં ઇંદ્રરાજસિંહ વાઘેલા, હિર્તેદ્રસિંહ પરમાર, રેખાબેન માળી, ગંગાબેન તળપદા, રવિન્દ્રભાઈ પગી, લીલાબેન વાઘરી અને નિશાંતકુમાર રાઠોર સામે કાર્યવાહી નોંધાઈ છે. વરણામા વિસ્તારમાં બલવંતસિંહ પરમાર, કોકીલાબેન માળી અને રણજીતભાઈ પાટણવાડીયાની સંડોવણી સામે આવી. મંજુસરમાં અજયભાઈ નાયક વિદેશી દારૂ તથા બિયર ટીન સાથે નાસી છૂટ્યા હોવાનું જાણવા મળે છે, જ્યારે પુષ્પાબેન ચૌહાણ દેશી દારૂ સાથે ઝડપાયા. વિવિધ વિસ્તારોમાં થયેલી આ કાર્યવાહીઓ ચર્ચામાં છે.

## અમદાવાદ હત્યા કેસમાં પુત્રવધૂના નવા દાવાથી તપાસ વળી

અમદાવાદના પોશ વિસ્તારમાં બિઝનેસમેનના ઘરમાં રેખાબેન અગ્રવાલની હત્યાએ શહેરમાં ચકચાર મચાવી છે. રાત્રે પુત્રવધૂ નાયરાથી થયેલા ઝઘડા બાદ બન્ને વચ્ચે મારામારી થઈ હોવાનું સામે આવ્યું. નાયરાના કહેવા મુજબ તે ડરીને રૂમમાં પુરાઈ ગઈ અને તે દરમિયાન કોઈ અજાણી વ્યક્તિએ રેખાબેનની હત્યા કરી. ઘરમાં થયેલા શોરબકોરને લઈ પડોશીઓએ રેખાબેનના પતિને જાણ કરી, પરંતુ તેઓ હોસ્પિટલમાં હોવાથી દીકરો દીપક ઝડપથી ઘરે પહોંચ્યો. દરવાજો લોક હોવાને કારણે તે બારી મારફતે અંદર ગયો ત્યારે માતાની લોહીલુહાણ હાલતમાં લાશ મળી. શરૂઆતમાં શંકા પુત્રવધૂ પર કેન્દ્રિત રહી, પરંતુ ત્રીજી વ્યક્તિના દાવા બાદ કેસની તપાસ સંપૂર્ણ બદલી ગઈ છે.

## બોટાદ: ખંડણી કેસમાં કુખ્યાત સિરો ડોન ખલ્યાનીની ધરપકડ

બોટાદ ટાઉન પોલીસે શહેરના એક કુખ્યાત નામ સિરાજભાઈ ઉર્ફે સિરો ડોન ખલ્યાની (રહે. નવનાળા)ની ખંડણીના ગંભીર ગુનામાં ધરપકડ કરીને કાયદાનું શાસન સ્થાપિત કર્યું છે. આરોપી સિરાજ ખલ્યાની વિરુદ્ધ બોટાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ખંડણીનો નવો ગુનો દાખલ થયો હતો, ત્યારબાદ તે ફરાર થયો હતો.

સિરો ડોનનો ગુનાહિત રેકોર્ડ ચોંકાવનારો છે. તેની સામે ધાકધમકી, જુગાર જેવા સામાન્ય ગુનાઓથી માંડીને ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ (ગુજસિટોક) જેવા સંગઠિત ગુનાઓ સહિત કુલ ૩૯ ગુનાઓ નોંધાયેલા છે. ૨૦૨૩ની સાલમાં ગુજસિટોક હેઠળ કાર્યવાહી થયા બાદ તેને જામીન મળ્યા હતા, પરંતુ જામીન પર મુક્ત થયા પછી પણ તેણે ગુનાહિત પ્રવૃત્તિઓ ચાલુ રાખી હતી અને પોલીસને ચકમો આપી રહ્યો હતો.

તાજેતરના ખંડણીના ગુનામાં બોટાદ ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઇ. દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. ખંડણીના ગુનાને આરોપી દ્વારા કઈ મોડસ ઓપરેન્ડીથી અંજામ આપવામાં આવ્યો તેનું ઘટનાસ્થળે રિકન્સ્ટ્રક્શન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યવાહી બોટાદમાં કાયદાના શાસનને મજબૂત કરવા અને સંગઠિત ગુનાખોરી પર અંકુશ લાવવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું ગણાય છે. પોલીસ દ્વારા સિરો ડોનના અન્ય સાગરીતો અને ગુનાહિત નેટવર્ક અંગે વધુ ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે. **રિપોર્ટ : જયદેવ વી મંડીર**



**બોટાદમાં ૩૯ ગુનાઓ ધરાવતા કુખ્યાત સિરાજ ઉર્ફે સિરો ડોન ખલ્યાનીની ખંડણીના ગુનામાં ધરપકડ. ગુજસિટોક્સ હેઠળ પણ કાર્યવાહી થઈ હતી.**

## ભાદરવા–ચાણોદમાં નશામાં ડ્રાઇવિંગના બે બનાવ

વડોદરા જિલ્લાના ભાદરવામાં રિક્ષા ચાલક ગજેન્દ્રભાઈ રાવળ નશાની હાલતમાં વાહન હંકારતા ઝડપાયા હોવાનું જાણવા મળ્યું છે. બીજી તરફ ચાણોદ વિસ્તારમાં બાઈક ચાલક સંજયકુમાર પરમાર પણ નશામાં ડ્રાઇવિંગ કરતા હોય તેવી માહિતી બહાર આવી છે. નશાના પ્રભાવ હેઠળ વાહન હંકારવાના આ બંને બનાવોથી માર્ગ સલામતી અંગે ચિંતાઓ ઊભી થઈ છે તથા સ્થાનિકોમાં સતર્કતા રાખવાની જરૂરીયાત ચર્ચાઈ રહી છે.

## વડોદરા જિલ્લામાં જાહેરનામા ભંગ અને ટ્રાફિક ઉલ્લંઘન કેસો નોંધાયા

વડોદરા જિલ્લામાં વિવિધ વિસ્તારોમાં જાહેરનામા ભંગ અને ટ્રાફિક ઉલ્લંઘનનાં બનાવો સામે આવ્યા છે. પાદરામાં મકાન માલિક મુખ્તીયારહુસૈન સૈયદ ભાડુઆતની ફરજિયાત નોંધણી ન કરાતા ચર્ચામાં રહ્યા. વડુ વિસ્તારમાં યશકુમાર પ્રજાપતિ બાઈક અયોગ્ય રીતે હંકારતા દેખાયા હોવાની માહિતી સામે આવી. ડભોઇમાં શહીદભાઈ સિંધીએ ઇક્કો ગાડી રસ્તા પર અટકાવરૂપ પાર્ક કરવાથી અવરજવર પ્રભાવિત થઈ. કરજણમાં 'નો પાર્કિંગ ઝોન'માં રિક્ષા મુકાતા ઠાકોરભાઈ રોહીત અને યુસુફ સિંધીને લઈ વહીવટી કાર્યવાહીનું ધ્યાન કેન્દ્રિત થયું. વિવિધ વિસ્તારોમાં ઊભી થયેલી આ પરિસ્થિતિઓથી ટ્રાફિક શિસ્ત અને નિયમન અંગે ફરી ચર્ચા જાગી છે.

## સાવલીમાં આપઘાત અને અંકોડીયામાં આગથી નુકસાન

સાવલીના નમીસરા ગામના ઉજ્વલકુમાર પટેલે લાંબા સમયથી ચાલતી ચામડીની સમસ્યાથી કંટાઈ કનોડા બ્રિજ પરથી મહીસાગર નદીમાં ઝંપલાવી જીવંતી ગુમાવી હોવાની ઘટના સામે આવી છે. બીજી તરફ વડોદરા તાલુકાના અંકોડીયા ગામે મહાવીર ફરાસખાના ગોડાઉનમાં આગ ભભૂકતા ખુરશીઓ, સોફા, એલઇડી લાઈટો, વાયરિંગ, મંડપ સામાન અને બોલેરો પીકઅપ સહિત આશરે રૂ. 30.50 લાખનું નુકસાન થયું હોવાનું પ્રાથમિક માહિતીમાંથી જાણવા મળે છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## જામનગર: સ્ટંટ રીલ્સ બનાવનાર 'દિવ્યેશ ડોન' સામે ગુનો

જામનગરનું કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ) હવે સોશિયલ મીડિયા પર વાયરલ થતા ભયજનક ડ્રાઇવિંગ પર પણ નજર રાખી રહ્યું છે. તાજેતરમાં સોશિયલ મીડિયા પર બાઈક સ્ટંટનો એક વીડિયો વાયરલ થયો હતો. નેત્રમની ટીમે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી, વાહન નંબર (GJ-10-DL-0739)ના આધારે સ્ટંટ કરનાર યુવકની ઓળખ કરી હતી. જામનગરના દિવ્યેશ ઉર્ફે દિવ્યેશ વાઘેલા નામના યુવકે ૨૫ નવેમ્બરે આ સ્ટંટ કર્યાની કબૂલાત કરી હતી. કાયદેસરની કાર્યવાહી હેઠળ સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં તેની સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

**રિપોર્ટ : ભારત દેસાઈ નવસારી**




## ભ્રષ્ટાચાર વિરોધી દિવસ: ગુજરાત સરકારનો 'ઝીરો ટોલરન્સ'

આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસની ઉજવણી નિમિત્તે ગાંધીનગરમાં એક પ્રેરક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ ભ્રષ્ટાચાર મુક્ત ગુજરાતના નિર્માણ માટે સરકારની પ્રતિબદ્ધતાને દ્રઢતાપૂર્વક દોહરાવી હતી.

શ્રી સંઘવીએ જણાવ્યું હતું કે ગુજરાત સરકાર ભ્રષ્ટાચાર સામે "ઝીરો ટોલરન્સ"ની નીતિ પર અડગ છે અને આ અભિયાનમાં કોઈ પણ પ્રકારની ઢીલ છોડવામાં આવશે નહીં. તેમણે વડાપ્રધાનના વિઝનને અનુરૂપ, ટેકનોલોજીનો ઉપયોગ કરીને વહીવટમાં પારદર્શિતા વધારવા અને કાયદાકીય માળખાને મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો.

કાર્યક્રમ દરમિયાન, પ્રામાણિકતાની દિશામાં પ્રોત્સાહક યોગદાન આપનાર કર્મચારીઓને પ્રશંસાપત્રો એનાયત કરીને બિરદાવવામાં આવ્યા હતા. સાથે જ, યુવા પેઢીને આ




લડાઈમાં જોડવા માટે નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધાના વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. શ્રી સંઘવીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભ્રષ્ટાચારને સંપૂર્ણપણે દૂર કરવો એ સરકારની સાથે-સાથે દરેક નાગરિકની સામૂહિક જવાબદારી છે, જેનાથી જ સુશાસન અને સાર્વત્રિક વિકાસ શક્ય બનશે.

## લુણાવાડા-રફાઈ ફોર લેનનું કામ શરૂ, ૪૪ કરોડનો પ્રોજેક્ટ

લુણાવાડા અને સંતરામપુર વચ્ચેના વાહનવ્યવહારને કાયાકલ્પ આપવાના મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટ હેઠળ લુણાવાડા-રફાઈ ફોર-લેન માર્ગનું નિર્માણ કાર્ય શરૂ થઈ ગયું છે. લુણાવાડા-સંતરામપુર રાજ્ય ધોરીમાર્ગ પર રફાઈ સુધીના સેગમેન્ટમાં આ આધુનિક ચાર માર્ગીય રોડ બનાવવામાં આવી રહ્યો છે.

આ પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં 44 કરોડ રૂપિયાની માતબર રકમ ફાળવવામાં આવી છે, જેના દ્વારા કુલ 10 કિલોમીટરનો આંતરરાષ્ટ્રીય સ્તરનો ફોર-લેન રોડ બનાવવામાં આવશે. માર્ગ અને મકાન વિભાગની દેખરેખ હેઠળ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. સ્થાનિક ઉદ્યોગો અને ગ્રામજનો માટે આ માર્ગ આશીર્વાદરૂપ બની રહેશે. આ ફોર-લેન માર્ગ માત્ર મુસાફરીનો સમય જ નહીં ઘટાડે, પણ અકસ્માતોનું પ્રમાણ પણ ઘટાડીને મુસાફરીને વધુ સુરક્ષિત બનાવશે. લુણાવાડા અને રફાઈ વચ્ચેના આ નવા માળખાકીય વિકાસથી સમગ્ર વિસ્તારમાં આર્થિક અને સામાજિક છે. ગતિવિધિઓને વેગ મળશે. આ વિકાસ કાર્ય પ્રગતિનું એક નવું સોપાન ગણાઈ રહ્યું

**રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**



**લુણાવાડા-સંતરામપુર રોડ પર રફાઈ સુધી ૪૪ કરોડના ખર્ચે ૧૦ કિલોમીટરના ફોર-લેન રોડનું કામ શરૂ થયું છે. જાણો આ વિકાસના સોપાન વિશે.**

## વડોદરા જિલ્લામાં ત્રણ અલગ બનાવોથી ચકચાર મચી

વડુ વિસ્તારમાં અલ્ટો કારની બેદરકારીભરી ટક્કરે સાંપલા ગામના રહેવાસી રમેશભાઈ પઢિયાર ગંભીર રીતે ઘાયલ થયા. માસર રોડ ચોકડી પાસે બનેલા અકસ્માતથી ચિંતા ફેલાઈ. બીજી તરફ ડભોઇ નજીક ફરતીકુઇ સીમમાં એક્ટીવા ડિવાઇડર સાથે અથડાઈ સામેથી આવતી કાર સાથે ટકરાતા આણંદની કિન્નરીબેન પટેલનું મોત થયું. શિનોરમાં હનીટ્રેપ અને ખંડણીની ઘટનામાં ફરિયાદી પાસે ૭ લાખ વસૂલાયા હતા, જેમાં પિન્કી પટેલ સહિતના શખ્સોની સંડોવણી સામે આવી છે અને એક આરોપીની અટકાયત થઈ છે.

## જામનગર: સગર્ભા પત્ની સામે પતિની કરપીણ હત્યા

જામનગર શહેરમાં ગુનાખોરીના બનાવોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. આજે સવારે શંકર ટેકરી વિસ્તારમાં ૪૯-દિગ્વિજય પ્લોટના મુખ્ય માર્ગ પર એક સનસનાટીપૂર્ણ હત્યાનો બનાવ સામે આવ્યો છે.

જયેશ ચાવડા તેની સગર્ભા પત્ની સોનલ સાથે સ્કૂટર પર જઈ રહ્યો હતો, ત્યારે ઇદ મસ્જિદ નજીક બે અજાણ્યા શખ્સોએ તેમને આંતરી લીધા હતા. આ હુમલાખોરોએ યુવક પર આડેધડ છરીના ઘા ઝીંકી જીવલેણ હુમલો કર્યો હતો. લોહીથી લથબથ હાલતમાં જયેશ ચાવડા ઘટનાસ્થળે જ ઢળી પડ્યો અને તેનું મોત થયું હતું. પતિની કરપીણ હત્યા જોઈ સગર્ભા પત્ની સોનલબેન બેશુદ્ધ થઈ ગયા હતા. સરાજાહેર થયેલા આ બનાવથી વિસ્તારમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. બનાવની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો. મૃતકની પત્નીએ પોલીસને આપેલી વિગતો મુજબ, હત્યા તેના પૂર્વ પતિ અને એક અન્ય શખ્સે કરી હોવાની શંકા છે. પોલીસે આ અંગે મૃતદેહનો કબજો મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

**રિપોર્ટ : મુકેશ યાદવ**



## અમદાવાદ: મિક્સરમાં છુપાવેલો ₹૨ કરોડથી વધુનો દારૂ ઝડપાયો

અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી એક મોટી કાર્યવાહીએ ગુજરાતમાં ગેરકાયદેસર દારૂની હેરાફેરીના નેટવર્કની ચોંકાવનારી વાસ્તવિકતા ઉજાગર કરી છે. રાજસ્થાનથી ગુજરાતમાં દારૂ ઘૂસાડવા માટે બુટલેગરોએ સિમેન્ટ મિક્સર ટ્રકનો ઉપયોગ કર્યો હોવાનું સામે આવ્યું છે, જે દર્શાવે છે કે માફિયાઓ કેટલા આધુનિક અને વિચિત્ર કીમિયાઓ અપનાવી રહ્યા છે.

બાતમીના આધારે હાથ ધરાયેલા ઓપરેશનમાં, ટીમે મિક્સર ટ્રકને ઝડપી પાડી હતી. મિક્સરના ડ્રમમાં ખૂબ જ ચાલાકીપૂર્વક એક ગુપ્ત કમ્પાર્ટમેન્ટ બનાવવામાં આવ્યું હતું, જેમાં ₹૨ કરોડથી વધુની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો હતો. દારૂના આ વિશાળ જથ્થાનું બજારમૂલ્ય અને હેરાફેરીની આ અનોખી પદ્ધતિ રાજ્યમાં દારૂબંધીના અમલ સામેના પડકારોને સ્પષ્ટ કરે છે.

આ સફળતા માત્ર દારૂના જથ્થાને જપ્ત કરવા પૂરતી સીમિત નથી, પરંતુ તે આંતરરાજ્ય બુટલેગિંગ ચેઇનને તોડવામાં પણ મદદરૂપ થશે. હવે તપાસ એ વાત પર કેન્દ્રિત છે કે આ દારૂ કોના ઓર્ડર પર મંગાવવામાં આવ્યો હતો અને ગુજરાતમાં તેનું વિતરણ ક્યાં થવાનું હતું. આ રેકેટમાં સામેલ દરેક વ્યક્તિ અને નેટવર્કનો પર્દાફાશ કરવો આવશ્યક છે. આ પ્રકારની કાર્યવાહી કાયદાનો ભંગ કરનારા તત્ત્વો માટે સ્પષ્ટ સંદેશ છે કે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવનાર સામે કાયદાની લાલ આંખ રહેશે.

**રિપોર્ટ : મુકેશ યાદવ**



**અમદાવાદમાં LCBની મોટી કાર્યવાહી: રાજસ્થાનથી મિક્સર ટ્રકના ચોરખાનામાં છુપાવી લવાતો ₹૨ કરોડથી વધુનો દારૂ ઝડપી પડાયો.**

## સુરત: રાજ માર્કેટમાં આગ, ગ્રાઉન્ડથી ૭મા માળ સુધી પ્રસરી

સુરત શહેરના પર્વત પાટિયા વિસ્તારમાં આજે સવારે ૭ વાગ્યે રાજ ટેક્સટાઇલ માર્કેટમાં ભીષણ આગ ફાટી નીકળતાં દોડધામ મચી ગઈ હતી. સાત માળની આ ઇમારતમાં આગ ગ્રાઉન્ડ ફ્લોર પર લિફ્ટના વાયરિંગમાંથી શરૂ થઈ અને ઇલેક્ટ્રિકલ વાયરો દ્વારા ઝડપથી સાતમા માળ સુધી પહોંચી ગઈ હતી.

આ ભીષણ દુર્ઘટનામાં માર્કેટની ૧૦૦થી વધુ દુકાનો સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ છે, જેના કારણે વેપારીઓને કરોડો રૂપિયાનું નુકસાન થવાનો અંદાજ છે. દુર્ભાગ્યે, આ ઘટનામાં ૨૦ કર્મચારીઓ ઘાયલ થયા હોવાના સમાચાર છે.

આગની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, ફાયર વિભાગને તાત્કાલિક એલર્ટ કરાયો હતો. નવ ફાયર સ્ટેશનના ૧૫થી વધુ ફાયર એન્જિનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ફાયર ફાઇટરોએ વીજળી કાપી નાખીને કામગીરી શરૂ કરી હતી. માર્કેટમાં સિન્થેટિક કાપડનો મોટો જથ્થો હોવાથી ઝેરી ધુમાડો ફેલાયો હતો, જેના કારણે ફાયર ફાઇટરોને ઓક્સિજન માસ્ક પહેરીને કામ કરવું પડ્યું હતું. ચાર કલાકની તીવ્ર મહેનત બાદ આગ પર કાબુ મેળવાયો છે.



સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫